ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામે નાના ભુલકાઓએ નવરાત્રીમાં માતાજીના સુંદર મજાનો ગબ્બર તૈયાર કર્યો છે. જેમાં ગાર્ડન, ફૂવારા, રોપ-વે સહિત વિવિધ આકર્ષણ ઉભા કર્યા છે. બાળકો દ્વારા સવાર-સાંજ નિયમિત રૂપે આરતી કરી પ્રસાદ વિતરણ કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં બાળકો ભેગા થાય છે.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા તંત્રને સ્માર્ટસીટી અંગે સૂચનોની રજુઆત

ગાંધીનગર, તા. ૧૬

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા સ્માર્ટસીટી અંગે સૂચનોની રજુઆત ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરને કરવામાં આવી છે. આ રજુઆતમાં શહેરને સ્પર્શતા ૨૦ સૂચનોને આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતાં જ મહાનગર પાલિકા દ્વારા શહેરની વિવિધ જગ્યાઓએ રાત્રી બેઠક યોજવામાં આવે છે. જેમાં નગરજનો સ્માર્ટ સીટી અંગેના સૂચનો રજુ કરે છે. જેમાં સ્માર્ટ સીટીમાં શુ શું જરૂરીયાત હોવી જોઈએ તેમજ શુ નથી, કેવું આયોજન કરવું જોઈએ સહિતના સૂચનો નગરજનો પાસેથી મનપાને મળી રહે છે. ત્યારે ડેમોક્ટેરીટ પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા પણ મનપા કમિશનરને ૨૦ મુદ્દાના સૂચનો આપવામાં આવ્યા છે. જેમાં નગરજનોને રહેઠાણ, શિક્ષણ, ખોરાક સહિત આરોગ્યની ઉચ્ચ ગુણવત્તા, સ્માર્ટસીટીમાં ઝુંપડપટ્ટીને કોઈ અવકાશ નથી. માટે ઓછામાં ઓછુ ૨ રૂમ રસોડાનું મકાન મળવુ જોઈએ. બાળકોને પ્રાથમિક શિક્ષણ ઉચ્ચ ગુણવત્તાવાળુ, સરકારી દવાખાના સાધન સંપન્ન હોવા જોઈએ. સ્વચ્છ પાણી, પુરતા પ્રમાણમાં પાણી બગાડ ન થાય તેવી વ્યવસ્થા, ગંદા પાણીની યોગ્ય વ્યવસ્થા, નગરના મુખ્ય માર્ગ તેમજ આંતરીક માર્ગની સફાઈ, ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરવી, સ્માર્ટસીટીમાં યોગ્યતા પ્રમાણે રોજગારી સરળ ટ્રાન્સપોર્ટ, વ્યવસ્થા, નગરમાં ટેકસીમા ભાડા, મીટર પ્રમાણે લેવાય તેમજ ડ્રાયવરોને ગણવેશ હોવો જોઈએ. ગાર્ડનની પુરતી જાળવણી, નગરમાં વધુ વૃક્ષો વાવવા, રસ્તા બાજુમાં સર્વિસ રોડ હોવો જોઈએ, લાયબ્રેરી ઉભી કરવી, કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પુરતી વ્યવસ્થા હોવી જોઈએ જેથી નાગરીકો સુરક્ષીત રહી ફરી શકે. સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો નવો મિજાજ પાર્ટી પ્લોટના ગરબા રૂપે જોવા મળે છે તો અસલ અને જુનો મિજાજ હજુ શેરી ગરબાઓના માધ્યમથી અકબંધ જોવા મળે છે. આવા ગરબા મહોત્સવમાં જઈએ ત્યારે અસલ ગુજરાતી ઉત્સવની અનુભૂતિ માણવા મળે છે. ગાંધીનગર શહેરના સ-૧૨, સે-૧૩ ખાતે આયોજિત ગરબા મહોત્સવ દરમિયાન લેવામાં આવેલી આ તસવીરો નવરાત્રીના એ અસલ મિજાજની સાક્ષી પૂરે છે.

કોલેજિયમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કોર્ટની બહાર પત્રકારો સાથે વાતચીત કરતાં એડવોકેટ સુરતસિંહે કહ્યું હતું કે, જુની કોલેજિયમ વ્યવસ્થા યથાવત રીતે જારી રહેશે. ૪-૧ની બહુમતિ સાથે ચુકાદો આપવામાં આવ્યો ત્યારે કોર્ટે કેન્દ્ર સરકારની અરજીને ફગાવી દીધી હતી. કેન્દ્ર સરકારે આ મામલામાં જોરદાર રીતે રજુઆત કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, તે જજોની નિમણૂંક કરવાની વર્તમાન કોલેજિયમ વ્યવસ્થામાં સુધારા કરવા વધુ સુનાવણી હાથ ધરશે. આગામી સુનાવણી ત્રીજી નવેમ્બરના દિવસે થશે. સુપ્રીમ કોર્ટે ૧૫મી જુલાઈના દિવસે ચુકાદો અનામત રાખ્યો હતો. બંધારણીય સુધારા અને એનજેએસી એક્ટની કાયદેસરતાના મુદ્દે ૩૧ દિવસ સુધી સુનાવણી કરવામાં આવી હતી.સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે કહ્યુ હતુ કે આ બંધારણના મૂળભૂત માળખાની બિલકુલ વિરુદ્ધમાં છે. બેંચે એમ પણ કહ્યુ હતુ કે બંધારણ દ્વારા ન્યાયપાલિકાને સ્વતંત્રતાના અધિકાર રહેલા છે. એનજેએસી એક્ટના માધ્યમથી રાજકીય દરમિયાનગીરી થવાનો ખતરો રહેલો છે. સુપ્રીમ કોર્ટના આદેશને એનડીએ સરકાર માટે એક મોટા ફટકા સમાન તરીકે ગણવામાંઆવે છે. અલબત્ત સરકાર ઈચ્છે તો આ મામલાને મોટી બેંચને રેફર કરી શકી છે. બાર એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા પણ આ ચુકાદોનુ સ્વાગત કરવામાં આવ્યુ છે. શુક્રવારના દિવસે આપવામાં આવેલા આદેશથી ન્યાયિક નિષ્ણાંતોમાં ભારે ચર્ચા છે. જસ્ટીસ જેએસ શેખર, જે. તેમેશ્વર, મદન બી લાકોર, કુરિયન જોસેફ અને એકે ગોયલની બનેલી બેંચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આ બેંચે અગાઉ ૧૫મી જુલાઈના દિવસે છેલ્લી સુનાવણીના દિવસે પોતાનો આદેશ મોકુફ રાખ્યો હતો. કોલેજિયમ સિસ્ટમ ૨૨ વર્ષ જુની છે. આના મારફતે જ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજની નિમણૂંક અને ટ્રાન્સફરની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. વર્તમાન ફેસલા પર વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યુ છે કે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. તેમણે કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટે આની નોંધ લીધી છે કે એનજેએસી એક્ટ ન્યાયપાલિકાની સ્વતંત્રતામાં અડચણો ઉભી કરશે.

અદબ પલાઠી... (૪ પાનાનું ચાલુ...)

પાછળ ખર્ચવી પડે. રાત-દિવસ જોયા વગર તેની પાછળ જ કાર્યરત રહેવું પડે. દુનિયાના કોઈ પ્રલોભનો, મોહ-માયા તેમને વિચલિત કરી શકતાં નથી. તેઓ લક્ષ્યવેધી હોય છે. તેમનાં લક્ષ્ય, આદર્શ સિવાય તેમને બીજું કશું જ દેખાતું હોતું નથી. તેઓ એક સ્પેશિયલ આઈડેન્ટીટી ઊભી કરી જતાં હોય છે. (શીર્ષક પંક્તિ : અજ્ઞાત)

મિસરી

સ્ત્રી ને ચાહવા માટે સમજવી જરુરી નથી

પરંતુ

સમજવા માટે ચાહવી અનિવાર્ય છે.

- કાજલ ઓઝા વૈદ્ય

(sms - ભારતીબેન રામભાઈ ત્રિવેદી, મીઠાપુર, દ્વારકા)

સે-૧૬ બ્રહ્મભવન ખાતે હાલોને આપણા મલકમાં ગરબા કાર્યક્રમ માટે બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આગામી ૨ ઉમીના રોજ ભાતીગળ સંસ્કૃતિની ઝલક જેવા પ્રાચિન ગરબા રાસ માટે હાલોને આપણા મલકમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ જાહેર આયોજનની રૂપરેખા અંગે ગાંધીનગરની તમામ સાંસ્કૃતિક-સામાજિક સંસ્થા, જ્ઞાતિ સંગઠનો તથા અન્ય સંગઠનોના મુખ્ય હોદેદારોની એક મહત્વની બેઠક ૧૮મી ઓક્ટોબર-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે સેક્ટર-૧૬ બ્રહ્મસમાજ ખાતે રાખવામાં આવી છે. તો તમામ સંસ્થાના હોદેદારોને આ બેઠકમાં પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

પ્રણામી ધર્મ અંગે સંશોધન લેખનો બદલ ડૉ. મહેશચંદ્ર પંડ્યાનું સન્માન

પ્રાણનાથ મિશન દ્વારા નવી દિલ્હી ખાતે ''મહામતિ પ્રાણનાથ પુરસ્કાર'' એનાયત કરાયો

ગાંધીનગર, તા. ૧૬

શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ - નિજાનંદ સંપ્રદાયના સંશોધનો, લેખનો, પ્રવચનોને આધુનિક ઉપકરણોના ઉપયોગ થકી વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી રહેલા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ધર્મોપદેશક તથા ગાંધીનગર

સમાચારના પૂર્વ કોલમિસ્ટ ડૉ. મહેશચંદ્ર પંડ્યાનું ''મહામતિ પ્રાણનાથ પુરસ્કાર'' એનાયત કરી સન્માન કરવામાં આવ્યું છે. આ સન્માન તેમને તા. ૧૦મી ઓક્ટોબરે પ્રણામી ધર્મની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા શ્રી પ્રાણનાથ મિશન દ્વારા નવી દિલ્હીના હકીકળનગર ખાતે કૃષ્ણ પ્રણામી મંદિર ખાતે આપવામાં આવ્યું હતું. જેમાં સુવર્ણ મંડિત પ્રશસ્તિ પત્ર સાથે રૂ. ૨૫ હજારનો ચેક અને શાલ ઓઢાડવામાં આવી હતી. આ પ્રસંગે ભારતભરમાંથી પ્રણામી ધર્મના આચાર્યો, સાધુસંતો સહિત સભ્યોની વિશાળ ઉપસ્થિતિમાં ડૉ. મહેશચંદ્ર પંડ્યાને આ સન્માન આપવામાં આવ્યું હતું.

સ્વાઈન ફ્લુથી એકનું મોત થયું : મૃતાંક વધી ૫૧ થયો

અમદાવાદ,તા.૧૬

સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ઘટવાના બદલે સતત વધી રહી છે. આજે સ્વાઈન ફ્લુના પાંચ નવા કેસ સપાટી પર આવ્યા હતા. આ ઉપરાંત જુનાગઢમાં સ્વાઈન ફ્લુના કારણે એકનું મોત થયું હતું. ઓગસ્ટ બાદથી સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો વધીને હવે ૫૧ ઉપર પહોંચી ગયો છે. ૪૪ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. કેસોની સંખ્યા ઓગસ્ટ બાદથી ૪૫૭ સુધી પહોંચી ગઈ છે. આજે જે ૫ નવા કેસ નોંધાયા હતા તેમાં અમદાવાદ, જુનાગઢ, પોરબંદર, સાબરકાંઠા, કચ્છનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાએ ૧-૧ કેસ નોંધાયા હતા. સ્વાઈન ફ્લુને રોકવા માટે તમામ જગ્યાઓ ઉપર સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. જન જાગૃતિની ઝુંબેશ પણ ચાલી રહી છે. પરંતુ કેસોની સંખ્યા સતત વધી રહી છે. જેથી તંત્ર ચિંતાતુર બન્યું છે. સ્વાઈન ફ્લુને કાબૂમાં લેવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં નવા નવા કેસ સપાટી ઉપર આવી રહ્યા છે.

આંગણવાડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ તમામ આંગણવાડી કેન્દ્રોને સ્માર્ટ બનાવવા માટે સરકાર દ્વારા કેટલાક ખાસ નિયમો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં પ્રાથમિક તબક્કે તમામ આંગણવાડીઓમાં ભીત ચિત્રો દ્વારા બાળકોને ઓળખ શિક્ષણ આપવામાં આવશે. તેમજ અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા જેટલી પણ આંગણવાડીઓ દત્તક લેવામાં આવી છે. તેમને યોગ્ય માગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકો માટે ડિજિટલ શિક્ષણની સુવિધાઓ વિકસાવવામાં આવશે.જે અંતર્ગત ડિજિટલ સ્ક્રીન પર ચલચિત્ર બતાવીને નાન બાળકોને વસ્તુ-પદાર્થ ઓળખનું જ્ઞાન આપવામાં આવશે. સાથે જ દરેક આંગણવાડી કેન્દ્રો પર બાળકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે વોટર પ્યુરિફાય મૂકવામાં આવશે. સાથે જ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતો નાસ્તા હવેથી ડિસ્પોઝેબલ્સમાં આપવામાં આવશે. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રો પર નાના બાળકો માટે સ્માર્ટ રમકડાઓ વસાવવામાં આવશે. તેમજ બાળકોને યોગ્ય આરોગ્ય પ્રદ નાસ્તો મળી રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. આ માટે ગુજરાત સરકારનાં કુપોષણ નાબુદી અભિયાનની પણ મદદ લેવામાં આવશે.

મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી હતી. ૧૨મી ઓક્ટોબરના દિવસે પ્રથમ ચરણમાં ૫૪.૫ ટકા પુરુષ મતદારોની સરખામણીમાં ૫૯.૫ ટકા મહિલાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અગાઉ આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. મતદાન શાંતિપૂર્ણરીતે થાય તે માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. સવારમાં છ જિલ્લાને આવરી લેતી ૩૨ બેઠકો પર મતદાનની શરૂઆત થઈ હતી. શરૂમાં કેટલીક જગ્યાએ લાંબી લાઈન જોવા મળી હતી. જ્યારે કેટલીક જગ્યાએ ધીમી ગતિએ મતદાનની શરૂઆત થઈ હતી.

ઔરંગાબાદ જિલ્લામાં રફિગંજ ખાતે બુથ નંબર ૧૪૪ નજીક કેન બોમ્બ મળી આવતા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ. ૩૨ મહિલા ઉમેદવાર સહિત ૪૫૬ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા કુલ ૮૬૧૩૮૭૦ મતદારો હતા જે પૈકી મોટા ભાગના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૯૧૧૯ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. બુધવારના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. ત્યારબાદ ઉમેદવારો ઘરે ઘરે જઈને પ્રચાર કરવામાં વ્યસ્ત બન્યા હતા.મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતું કે, મતદાનના બીજા તબક્કાના કારણે આજે તમામ છ જિલ્લામાં રજા હતી. સરહદ પર નાકાબંધી વધારી દેવામાં આવી હતી.૧૨ વિધાનસભા ક્ષેત્રોમાં સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થયા બાદ આ પ્રક્રિયા સાંજે ચાર વાગ્યા સુધી ચાલી હતી. જ્યારે ૧૧ વિધાનસભા ક્ષેત્રોમાં સાત વાગ્યાથી ત્રણ વાગે સુધી મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં ૫૭ ટકા મતદાન રહ્યુહતુ. બહુજન સમાજ પાર્ટીએ આ તબક્કામાં પણ સૌથી વધારે ૩૨ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે કુલ હજારો મતદાન કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. તમામ ઉમેદવારોના ભાગ્યનો ફેસલો કરવા માટે મતદારો ઉત્સુક દેખાયા હતા. ઉંચા મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે પણ તમામ તૈયારી કરી હતી. મતગણતરીની પ્રક્રિયા ૮મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે.બીજા તબક્કા માટે એનડીએ તરફથી મોટી સંખ્યામાં ઉમેદવારો મેદાનમાં હતા. બીજા તબક્કામાં ભાજપના ૧૬, એલજેપીના ૩, આરએલએસપીના ૬, એચએએમના ૭ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.જ્યારે મહાગઠબંધન તરફથી જેડીયુના ૧૩, આરજેડીના ૧૩, કોંગ્રેસના ૬ ઉમેદવારોના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ડાબેરી પક્ષો પણ કેટલાક ગાબડા પાડવા માટે ઈચ્છુક છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આ ૩૨ બેઠકો પૈકી જેડીયુની પાસે ૧૮ બેઠકો છે જ્યારે ભાજપ પાસે ૯ બેઠક છે. આરજેડીની પાસે ૨ બેઠક છે. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠક માટે પાંચ તબક્કામાં મતદાન યોજાનાર છે. મતગણતરી ૮મી નવેમ્બરના દિવસે યોજાશે. જે જિલ્લાઓમાં આજે મતદાન યોજાયું હતું તેમાં કેમૂર, રોહતાસ, અરવલ, જેહાનાબાદ, ઔરંગાબાદ અને ગયાનો સમાવેશ થાય છે.

જયો જયો મા જગદંબે : કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં મા આદ્ય શક્તિની આરતી ઉતારવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી આશીષભાઈ દવે, મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ શ્રી અમૃતભાઈ પટેલ અને યુનાઈટેડ ગ્રુપના ડીરેક્ટર ડૉ. ઋત્વીક પટેલ પધાર્યા હતા.

ઉદ્‌ગમ ચેરિટેબલ દ્વારા ગ્લોબલ હેન્ડ વૉશીંગ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા ૬ વરસથી લોકોમાં હાથ ધોવાની જાગૃતિને ફેલાવવા ૧૫મી ઓક્ટોબર સમગ્ર વિશ્વમાં ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે તરીકે ઉજવાય છે. ત્યારે ઉદ્‌ગમ ટ્રસ્ટ અને નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના આજોલ ગામની પ્રાથમિક શાળાના બાળકો સાથે ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ જયેશભાઈએ પ્રવચન કરતા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ વિવિધ કાર્યો કેવી રીતે કરવા જોઈએ તેની રસપ્રદ માહિતી આપી હતી.

ઉદ્‌ગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ બાળકોને હાથ શું કામ ધોવા અને કઈ રીતે ધોવા તથા હાથ ના ધોઈએ તો શુ ભય સ્થાન રહેલ છે તે શાળાના જ બે બાળકો વિજય અને રિયા જોડે પ્રેક્ટીકલ કરી સમજાવ્યું હતું. મયુરભાઈએ બાળકોને પહેલા સાદા પાણીથી પછી સાબુથી ત્યાર બાદ ફરી સાદા પાણીથી હાથ ધોવડાવતા ધોવડાવતા બાળકો સાથે હાથ ધોવાના ફાયદા અને ગેરફાયદા વિષે પ્રેક્ટીકલ માહિતી આપી હતી. ત્રણ વખત હાથ ધોયેલ પાણીના રંગથી જ વિદ્યાર્થીઓને ખ્યાલ આવી ગયો કે હાથમાં કેટલો કચરો રહેલો હોય છે. દરેક સ્ત્રી સાફ સફાઈનું કામ મોટા ભાગે પોતાની સાડીના પાલવથી કરતી હોય છે તો તેના સ્થાને ઘરમાં અલગથી કપડા રાખવા જોઈએ જેમાં તેઓ પોતાના જુના કપડાનો પણ ઉપયોગ કરી શકે છે.

નહેરુ યુવા કેન્દ્રના યુથ કોર્ડીનેટર રજનીકાંત સુથારે નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા લોકો જાગૃતિ માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન કરેલ કાર્યોની વિસ્તૃત માહિતી આપતા બાળકોને હાથ ધોવા માટે અપીલ કરી હતી. સાથોસાથ યુવાનોનો સાથ લઈને

સ્વચ્છતા ક્ષેત્રે નહેરુ યુવા કેન્દ્ર સતત પ્રયત્નશીલ છે તેમ જણાવીને તેમને બાળકોને આ પ્રવૃત્તિને ઘર ઘર સુધી લઈ જવા જણાવ્યું. સાથોસાથ તેઓએ બાળકોને સ્વચ્છતાના સપથ લેવડાવ્યા હતા. શાળાના આચાર્યએ આવા સુંદર જાગૃતિલક્ષી કાર્યક્રમ બદલ સહુનો આભાર માન્યો હતો.

આખરે બાયસેગ ટ્રેનિંગ પાઠનાં રેકોર્ડિંગ માટે અરજી મંગાવાઈ

વંદે ગુજરાત-૬ ચેનલ મારફતે ધોરણ-૯ અને૧૦ના ૫ વિષયોનું પ્રસારણ કરવા નિર્ણય કરવામાં આવ્યો : રિપોર્ટ

અમદાવાદ, તા.૧૬

તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા વંદે ગુજરાત ચેનલની શરૂઆત કરાવવામાં આવી હતી. ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકશિક્ષણ બોર્ડે બાયસેગની વન્દે ગુજરાત-૬ ચેનલ મારફતે ધોરણ-૯ અને ૧૦નાં પાંચ વિષયોનું પ્રસારણ કરવાનો નિર્ણય કર્યો છે. આ કાર્યક્રમ તૈયાર કરવા માટે જે તે વિષયનાં તજજ્ઞ શિક્ષકોને બોર્ડ દ્વારા આમતંત્ર પાઠવવામાં આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ તાજેતરમાં ગુજરાત સરકારે ડીઝીટલ ઈન્ડીયા અભિયાન અંતર્ગત બાયસેગ ચેનલો વન્દે ગુજરાત લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. ત્યાર હવે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ બાયસેગની વન્દે ગુજરાત ચેનલ-૬ મારફતે ધોરણ-૯ અને ૧૦નાં ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ સામાજિક વિજ્ઞાન એમ પાંચ વિષયનો તાલીમ કાર્યક્રમ દર્શાવવાનું નક્કી કરાયું છે. જ્યારે વન્દે ગુજરાત ચેનલ-૭ મારફતે ધોરણ-૧૧ અને ૧૨ના ભૈતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને નામાના મૂળતત્વો એમ પાંચ વિષયનાં પાઠોનુ પ્રસારણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ટેકનોલોજીના વિદ્યાર્થીઓ શાળા ઉપરાંત ઘરેબેઠા પણ નિહાળી શકશે. આ કાર્યક્રમો ઉપરાંત ઘેરબેઠા પણ નિહાળી શકશે. કાર્યક્રમો રસપ્રદ અને ગુણવત્તાસભર બની રહે તે ઉદ્દેશ્ય સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયભરમાંથી જે તે વિષયના નિષ્ણાંત શિક્ષકોને પાઠોના રેકોર્ડીંગ માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેથી આ બાબતે રસ ધરાવતા સંબંધીત વિષયનાં નિષ્ણાંત શિક્ષકો બોર્ડની વેબસાઈટ ઉપરથી રજિસ્ટ્રેશન ફોર્મ મેળવી તેમાં પોતાની વિગતો ભરીને ઈમેલ આઈડી પર મોકલી શકશે. અરજી કરનાર શિક્ષકો પૈકી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોને બોર્ડ દ્વારા પાઠનાં રેકોર્ડિંગ માટે આમંત્રણ પાઠવવામાં આવશે.

જાવક નં. ૬૪૧-૨૦૧૫-૨૦૧૬ પ્રાંતિજ નગરપાલિકા કચેરી, તા. ૧૫/૧૦/૨૦૧૫

જાહેર ટેન્ડર નોટીસ

૨૦૧૫-૨૦૧૬

હોર્ડીંગ મુકવા માટે

આથી પ્રાંતિજ નગરમાં જાહેર રોડ ઉપરની બાજુમાં નગરપાલિકાની માલિકીના પ્લોટ તથા ભવન ઉપર હોર્ડીંગ ત્રણ વર્ષ માટે મુકવા સારૂ ટેન્ડર માંગવામાં આવે છે. સદર ટેન્ડર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખ ૧૯/૧૦/૨૦૧૫ થી તા. ૨૮/૧૦/૨૦૧૫ સુધી ઓફીસના કામકાજ દરમિયાન નિયત શરતો આધિન ટેન્ડર રૂબરૂમાં ટેન્ડર ફી રૂ. ૧૦૦૦-૦૦ મેળવી લેવા અને સદર ટેન્ડર બંધ કવરમાં કવર ઉપર હોર્ડીંગ માટે ભાવ લખી તા. ૩૦/૧૦/૨૦૧૫ ના સાંજના ૧૬-૦૦ સુધીમાં ફક્ત ભારતીય પોસ્ટ દ્વારા આર.પી.એ.ડી.થી ટપાલ કરી નગરપાલિકાને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા પછીને ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે. નગરપાલિકા નક્કી કરેલ શરતો ટેન્ડર કોપીમાં દર્શાવવામાં આવેલ તે આધિન સ્વીકારવામાં આવશે. આવેલ ભાવ પત્રકો પૈકી કોઈપણ ઠેકેદારશ્રીના ભાવ અથવા તમામ ભાવપત્રક કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય અબાધ રાખવા નામંજુર કે તમામ પ્રક્રિયા કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાના અધિકાર નગરપાલિકાને સ્વાધિન રહેશે. ન્યાય ક્ષેત્ર પ્રાંતિજ રહેશે.

ચીફ ઓફીસર

નગરપાલિકા પ્રાંતિજ